Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2022
MAY
૧ મે, ૨૦૨૨

– Let us work for the Divine –
– પ્રભુ માટે કાર્ય કરીએ –

Whatever you do,
always remember the
Divine.

With my blessings

Whatever you do, always remember The Divine.

With my blessings
- The Mother

5 May 1954

તમે જે કાંઈ કરો, પ્રભુને હંમેશા યાદ કરીને કરો.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી

૫ મે ૧૯૫૪

... ...

Whether in the Ashram or outside, work is itself an effective form of sadhana, if done in the right spirit. If there is complete sincerity, and one constantly remembers the Mother and opens oneself to her, then gradually through the consciousness of doing the Mother's work a higher consciousness will descend, and change your whole being.

Moreover, if you can maintain this spirit, you will derive some special benefits that can never be attained otherwise. To enumerate some of these:

તમારો મૃત્યુ અંગેનો ભય અદૃશ્ય થઇ જશે કારણ હવે તમને ખબર છે કે શ્રી માતાજીની શક્તિ તમારું રક્ષણ કરી રહી છે. શ્રી માતાજીના કાર્ય માટે તમારી જરૂર છે ત્યાં સુધી તો મૃત્યુ તમને સ્પર્શ પણ કરી શકશે નહિ. જ્યોતિષીઓ અને તેમની જન્મકુંડળીઓ ભલે ગમે તે કહે પરંતુ શ્રી માતાજીની ઈચ્છા વગર તો કોઈ ગ્રહ કે નક્ષત્ર તમને અસર પહોંચાડી શકે તેમ નથી. તમે મૃત્યુનો નહિ પરંતુ શ્રી માતાજીના કાર્યનો વિચાર કરશો. તેથી તમારી મૃત્યુ અંગેની બધી નબળાઈઓ, હતાશાઓ, ઉદ્વેગ ઉત્પન્ન કરતા વિચારો અદૃશ્ય થઇ જશે. માંદગી દ્વારા આવી પડતી અપંગતાનો ભય વિલીન થઇ જશે.

પરંતુ આવી ઉચ્ચ સ્થિતિ, સાત્ત્વિક વલણ ટૂંકા સમયમાં દૃઢ બની શકતું નથી. તે માટે તમારે દૃઢાગ્રહી બની પ્રયત્નો ચાલુ રાખવા જરૂરી હોય છે. કોઈ એક તકલાદી માનસિક નિર્ણય કે અવિચારી દોડધામ કરવાથી તે બની શકતું નથી. જ્યારે જ્યારે તમે શ્રી માતાજીને ભૂલી જાઓ ત્યારે તરત તેમનું સ્મરણ કરી લેવાનું છે અને તેમાં કોઈ રૂકાવટ આવે ત્યારે નવેસરથી શરૂઆત કરવાની છે, વારંવાર સ્મરણ કરીને ભૂલને સુધારી લેવાની છે. કાર્યનો નાનામાં નાનો અંશ પણ શ્રી માતાજીને અર્પી દેવાનું શીખવાનું છે. અને તો જ છેવટે તમને શ્રી માતાજીની સન્નિધિ અને માર્ગદર્શનની અનુભૂતિ થશે. [પૃ. ૨૩ – ૨૯]

... ...

'જય મા' – શ્રીપશુપતિના મૂળ અંગ્રેજી પુસ્તક 'દિવ્ય માતાજી વિષે' માંથી.
વલસાડના શ્રી મનુભાઈ જે. દેસાઈ નો અનુવાદ.

21.12.72

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦● May 2022
https://themothersprosperity.org

All your tendency to greed, envy, jealousy, grudge, ill-feeling and competitive eagerness that are associated with work and business, all that will subside. The reason is that there will be no more any question of personal loss or gain, you will be doing the Mother's work to the best of your ability. So there is no quarrel also.

There will be no jubilation over success, nor any depression over failure. You will remain unaffected by both, because you will feel that it is Mother's work, and she knows that you have done your best, success or failure depends upon her. You will have an unperturbed equanimity.

You will never take recourse to any deception or cheating or malpractice, that people generally resort to when they think that they might gain by that. Whenever you also will be tempted to take that course you will remember that the Mother will not approve of it, so you will refrain from all that, you will remain straight, honest and never will be false.

You will find the true meaning and aim of your life. In ordinary life you generally wonder, what is the utility of this fruitless labour day after day without a break, what will be the ultimate gain, who will reap the benefit, who will be grateful to me for this, etc. but now you will be convinced that what you are doing is Mother's work, it is for the Mother and for nobody else, and you are here to do it.

The fear of death will vanish. You will know that the Mother's force is protecting you, and as long as you are necessary for the Mother's work in this life, you cannot die. Whatever the astrologers and their horoscopes say will not be binding, if the Mother so wishes. Hence all your weakness and nervousness and fretful thoughts about death will vanish. You will think of death no more, but only of the Mother's work. Fear of disabling illnesses will also disappear.

But such an attitude cannot be truly established in a short time, persistent effort may be necessary. Simply a mental resolution or haphazard efforts at opportune moments will not do. Lest you forget, you will have to remember it again and again and even if there is a gap, to remember it anew and correct your mistake. You should learn to offer even the smallest bit of work to the Mother. Then you will eventually feel her presence and guidance. [P. 18 - 22]

... ...

'Jai Ma' – from the book 'On The Mother Divine' by Pashupati.

... ...

આશ્રમની અંદર હોય કે બહાર, કાર્ય સ્વયં સાધના માટેનું એક અસરકારક સાધન બની શકે છે જો તે સાચું વલણ રાખીને કરવામાં આવે. વ્યક્તિમાં જો સાચી નિષ્ઠા હશે અને તે હરેક ક્ષણે શ્રીમાનું સતત સ્મરણ કરતાં પોતાની જાતને ખુલ્લી રાખશે તો પછી ધીરે ધીરે શ્રી માતાજીનું કાર્ય કરતાં કરતાં વ્યક્તિની આંતર ચેતનામાં ઊર્ધ્વની ચેતનાનું અવતરણ થશે અને સમગ્ર અસ્તિત્વનું રૂપાંતર શક્ય બનશે.

વધુમાં જો તમે આ ઊર્ધ્વ સ્થિતિને – પરમ ઉત્સાહને ટકાવી રાખી શકશો તો તમને સામાન્ય સંજોગોમાં જે લાભો નથી મળતા તે મેળવી શકશો. આમાંના કેટલાક લાભોને સવિસ્તાર જોઈએ :

કાર્ય અને ધંધા સાથે સંકળાયેલ કેટલીક વૃતિઓ જેવી કે લોભ, અદેખાઈ, ઈર્ષા, વેરવૃત્તિ, દુરેચ્છા અને સ્પર્ધાત્મક વગેરે બધું જ શાંત થઇ જાય છે - વિરમી જાય છે. કારણ હવે તમારે કોઈ વ્યક્તિગત નફો કે નુકસાનનો પ્રશ્ન પણ રહેતો નથી, તમે તો શ્રી માતાજીનું કાર્ય તમારી પૂરેપૂરી કાબેલિયતથી કરો છો એટલે હવે કોઈ આંતરિક ગડમથલનો સવાલ પણ રહેતો નથી.

હવે નથી કોઈ સફળતાનો વિજયઘોષ કે પરાજયની નિરાશા, તમે જય-પરાજય બન્નેથી નિર્લેપ બની રહો છો કારણ કે તમે એવું અનુભવો છો કે આ તો શ્રી માતાજીનું કાર્ય છે અને શ્રીમાને ખબર છે કે તમે તમારો બનતો સર્વોત્તમ પ્રયત્ન કર્યો છે, જય-પરાજય તો શ્રી માતાજી પર નિર્ભર છે. અને તમે અક્ષુબ્ધ સમતાને પ્રાપ્ત કરશો.

તમે કદી કોઈ કપટ કે છેતરામણી કે દુષ્પ્રવૃત્તિનું શરણ લેશો નહિ કે જે સામાન્ય રીતે લોકો કોઈ તાત્કાલિક લાભ મેળવવા માટે લેતા હોય છે. તમે પણ કદાચ આ ટૂંકો માર્ગ લેવા માટે લલચાઈ જાઓ છતાં શ્રીમાની કૃપાથી તમે આ બધાથી દૂર રહેશો. તમને ખબર છે કે શ્રી માતાજી આવી દુષ્પ્રવૃત્તિને માન્ય રાખશે નહિ. તમે સીધા, સરળ, પ્રામાણિક બની રહેશો, અને કદી પણ ખોટો માર્ગ અપનાવશો નહિ.

તમને તમારા જીવનનું સાચું લક્ષ્ય અને યથાર્થતા પ્રાપ્ત થશે. રોજબરોજના જીવનમાં અવિરતપણે કરી રહેલા અર્થહીન કાર્યોની ઉપયોગિતા શું? જીવનની આખરી પ્રાપ્તિ શી? મારાં કરેલાં કાર્યોનું ફળ કોને મળશે? મારાં કાર્યો માટે કોણ કૃતજ્ઞભાવ બતાવશે? વગેરે સવાલોથી તમને હવે આશ્ચર્ય થશે કારણ હવે તમને ખાતરી થઇ ગઈ છે કે તમે જે કાંઈ પણ કરો છો તે બધું જ શ્રી માતાજીનું કાર્ય છે. તમે તો માત્ર શ્રી માતાજીના કરણ છો, બીજા કોઈના નહિ. તમે આ જીવનમાં શ્રીમાનું કાર્ય કરવા માટે જ આવ્યા છો.